દિવ્ય ભાસ્કર, પાના નંબર :- 20
તારીખ :- ૧૪/૦૧/૨૦૨૬

શરૂઆતમાં સવારના 8થી રાતના 8 વાગ્યા સુધી દર 30-35 મિનિટે મળશે

# 16મીથી મહાત્મા મંદિર સુધી મેટ્રો જશે લઘુતમ ભાડું રૂ. 5 અને મહત્તમ રૂ. 40

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

16 જાન્યુઆરીથી મહાત્મા મંદિર સુધી શરૂ થશે. પ્રારંભિક તબક્કામાં મેટ્રો ટ્રેનો સવારે 8 વાગ્યાથી સાંજે 8 વાગ્યા સુધી દોડાવવામાં આવે તેવી શક્યતા છે. શરૂઆતના સમયમાં પેસેન્જરોની સુવિધાને ધ્યાનમાં રાખીને મેટ્રોની ફ્રિકવન્સી 30થી 35 મિનિટના અંતરે રાખવામાં આવશે. જો કે મેટ્રોનું ફાઈનલ સમયપત્રક 15 જાન્યુઆરીએ જાહેર કરાશે.

મેટ્રોનું ભાડું પેસેન્જરો માટે સહેલુ અને પરવડે તેવું રાખવામાં આવ્યું છે, જેમાં મિનિમમ ભાડું 5 રૂપિયા અને મહત્તમ ભાડું 40 રૂપિયા રહેશે. આગામી દિવસોમાં પેસેન્જરોની સંખ્યા વધતા મેટ્રોની ફ્રિકવન્સી વધારવાની પણ યોજના છે, જેના કારણે ગાંધીનગરનું શહેરી પરિવહન વધુ સુવ્યવસ્થિત અને મજબૂત બનશે. મહાત્મા મંદિર સુધી મેટ્રો સેવા શરૂ થતાં ગાંધીનગરના સરકારી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વેપારીઓ તેમજ મહાત્મા મંદિરમાં યોજાતા કાર્યક્રમોમાં આવનારા પ્રતિનિધિઓને સીધી, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળશે.